For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

# સુરતમાં નવરાત્રિના નવ નહીં અનેક રંગ જોવા મળ્યા


એક્વા ગરબા અને દાંડિયા


સાડા નવ કિલોની પાઘડી અને દસ કિલોનો ડ્રેસ


તામિલનાડુના મિનાક્ષી મંદિરની થિમ પર ગરબા


લક્ષ્મી માતા પણ ગરબો રમતા જોવા મળ્યા


નવજાતે પણ ગરબાની મજા માણી


શ્વેત વસ્ત્રમાં શ્વેત ગરબા


જન્મ પહેલા જ ગરબા


પેટ્સ સાથે ગરબે ઘૂમતી મહિલાઓ

■ સુરત એવું શહેર છે જ્યાં બારેમાસ દરેક રંગ જોવા મળે છે. નવરાત્રી નવરંગી હોય છે પરંતુ આ શહેરમાં તેના એક નહીં અનેક રંગ જોવા મળ્યા છે. જે બાળકે હજુ દુનિયામાં જન્મ લીધો નથી તેણે પણ ગરબા રમ્યા છે તો નવજાત પણ માતા સાથે ગરબામાં જોડાયું હતું. પાળતું પ્રાણી પણ ગરબામાં જોડાયા હતા તો દુનિયામાં પહેલી વખત પાણીમાં ખેલૈયા ગરબા રમતા જોવા મળ્યા હતાં. તો આ વર્ષે એક નવો ટ્રેન્ડ જોવા મળ્યો હતો જેમાં ખેલૈયાઓએ જુદા જુદા રૂપરંગ ધારણ કર્યા હતાં.

### સુરતમાં પોલીસનું બેવડું વલણ છતું થઈ ગયું

# કોંગ્રેસના આગેવાનોને ઊંચકી લીધા પણ ભાજપને વિરોધ કરવા દીધો !

**કોંગ્રેસના** આગેવાનોને રિંગ રોડ પર અને અન્ય કલેક્ટર કચેરી પહોંચે તે પહેલા જ અટકાયતમાં લઈ લેવાયા

**જ્યારે** મક્કાઈ પુલ ખાતે ભાજપ મહિલા મોરચાને કોંગ્રેસ કાર્યાલય સામે વિરોધ પ્રદર્શન કરવા દીધા બાદ અટકાયત કરાઈ

સુરત : સુરતમાં આજે પોલીસનું બેવડું વલણ છતું થઈ જવા પામ્યું હતું. આજે સોમવારે મુખ્ય ચૂંટણી અધિકારી જ્ઞાનેશકુમારની સામે વિરોધ દર્શાવી કલેક્ટરને રજૂઆત કરવા માટે જનારા કોંગ્રેસ સહિતના ઈન્ડિયા ગઠબંધનની રેલી નીકળે તે પહેલા જ પોલીસે રિંગરોડ, વનિતા વિશ્રામના ગેટ પાસેથી અનેક આગેવાનોની અટકાયત કરી લીધી હતી. જ્યારે

...અનુસંધાન પાના ૧૩ પર

## કોંગ્રેસની રેલી કલેક્ટર કચેરી પહોંચે એ પહેલાં જ પકડી લેવાયા



વનિતા વિશ્રામ ગ્રાઉન્ડથી શરૂ થયેલી કોંગ્રેસ અને INDIA ગઠબંધનની રેલી અઠવાગેટ તથા MTB કોલેજ થઈ જિલ્લા કલેક્ટર કચેરી પહોંચવાની હતી. અહીં આવેદનપત્ર આપીને મતદારોના અધિકારોની રક્ષા કરવાની માગ સાથે શક્તિપ્રદર્શનનું આયોજન કરાયું હતું. રેલી દરમિયાન કાર્યકરોએ 'વોટ ચોર ગદ્દી છોડ' અને 'જ્ઞાનેશ કુમાર રાજીનામું આપો'ના નારા લગાવ્યા હતા. જોકે, રેલી કલેક્ટર કચેરી પહોંચે તે પહેલાં જ પોલીસે આંદોલનકારીઓને અટકાવી દીધા હતા અને પૂર્વ ધારાસભ્ય આનંદ ચૌધરી, કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાળા, ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશી સહિત અગ્રણી નેતાઓ તથા કાર્યકરોની અટકાયત કરી હતી. આનંદ ચૌધરીએ આક્ષેપ કર્યો હતો કે ચૂંટણી પંચ અને સત્તાધારી પક્ષની મિલીભગતથી લોકશાહી તથા ચૂંટણી પ્રક્રિયા સાથે ચેડાં થઈ રહ્યાં છે. લોકોના મતાધિકારને છીનવી લેવાનો પ્રયાસ થઈ રહ્યો છે અને વિરોધનો બંધારણીય અધિકાર પણ દબાવવામાં આવી રહ્યો છે. કાર્યક્રમ માટે પૂર્વ મંજૂરી હોવા છતાં આગેવાનોની

...અનુસંધાન પાના ૧૩ પર

## બોલો, ભાજપની સત્તા છતાં નારા લાગ્યા 'રાહુલ તેરી તાનાશાહી નહીં ચલેગી'

આ સમગ્ર ઘટનાક્રમમાં રાજકીય વિરોધ કરતાં પોલીસની કાર્યવાહી વધુ ચર્ચાસ્પદ બની છે. પંચાયતથી લઈને સાંસદ સુધી ભાજપની સત્તા હોવા છતાં કોંગ્રેસ કાર્યાલય બહાર ભાજપે વિરોધ પ્રદર્શન કરતાં રાજકીય વર્તુળોમાં સવાલો ઊઠ્યા હતા. ખાસ કરીને છેલ્લા 12 વર્ષથી કેન્દ્રમાં ભાજપની સરકાર હોવા છતાં 'રાહુલની તાનાશાહી નહીં ચલેગી'ના નારા લગાવાતા રાજકીય વિરોધાભાસની ચર્ચા થઈ હતી.

## ભાજપ મહિલા મોરચાએ કોંગ્રેસ કાર્યાલય બહાર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કર્યું




બીજી તરફ, મક્કાઈપુલ વિસ્તારમાં ભાજપના કાર્યકરો અને મહિલા મોરચાએ કોંગ્રેસ તથા રાહુલ ગાંધી વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોંગ્રેસ દ્વારા ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે દેશભરમાં થઈ રહેલા વિરોધના જવાબમાં ભાજપના કાર્યકરો કોંગ્રેસ કાર્યાલય બહાર પહોંચ્યા હતા. 'હાય રે કોંગ્રેસ હાય હાય', 'હાય રે પપ્પુ હાય હાય' અને 'રાહુલ તેરી તાનાશાહી નહીં ચલેગી' જેવા નારા લગાવીને તેમણે આક્રોશ વ્યક્ત કર્યો હતો. ભાજપની મહિલા કાર્યકરો કોંગ્રેસ કાર્યાલયમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહી હતી ત્યારે પોલીસે બેરિકેડિંગ કરીને તેમને અટકાવી હતી. કાર્યાલયની અંદર રહેલા કોંગ્રેસના

...અનુસંધાન પાના ૧૩ પર

### મિડલ ઈસ્ટમાં યુદ્ધની સ્થિતિ અને એર ફ્યુઅલના ભાવવધારાની અસર

# દિવાળીમાં ફરવા જવું મોંઘું પડશે, વિમાન ભાડામાં 20થી 30 ટકાનો વધારો કરાયો

**દુબઈની** રાઉન્ડ ટ્રીપ રૂ. 45થી 50 હજારથી વધીને રૂ.1થી 1.25 લાખે પહોંચી

સુરતઃ વેકેશન આવે એટલે ગુજરાતીઓ ફરવા જવાની તૈયારીમાં લાગી જાય છે, પરંતુ આ વર્ષે દિવાળી વેકેશનમાં પ્રવાસનું

...અનુસંધાન પાના ૧૩ પર

## સૌરાષ્ટ્ર જતી ખાનગી બસોમાં હાઉસફુલનાં પાટિયાં

પૂર્વ લક્ઝરી ખાનગી બસ એસોસિયેશનના પ્રમુખ દિનેશ અનગઢના જણાવ્યા મુજબ, હીરાનાં કારખાનાંઓમાં દિવાળી વેકેશન પડતાં સુરતથી સૌરાષ્ટ્ર તરફ વતન જનારાઓનો ધસારો વધે છે. પરિણામે, ખાનગી બસોમાં બુકિંગ હાઉસફુલ થઈ રહ્યાં છે. ઓનલાઈનની સાથે રૂબરૂ ટિકિટ બુક કરાવનારા મુસાફરોની સંખ્યા પણ મોટી છે. જોકે, સુરત ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ બસ ઓનર્સની તાજેતરમાં યોજાયેલી બેઠકમાં બસ સંચાલકોએ દિવાળી વેકેશન દરમિયાન ભાડામાં વધારો નહીં કરવાનો નિર્ણય લીધો હોવાનું જણાવાયું છે. મુસાફરોને મુશ્કેલી ન પડે તે માટે ટિકિટના ભાવ અગાઉથી જ નિશ્ચિત રાખવા સંચાલકો એકમત થયા છે.

# ફરીવાર સુરતમાં નકલી ઘીની ફેક્ટરી પકડાઈ

**ઉત્રાણના** અબ્રામા રોડ ખાતે આવેલા નકલી ઘીના ગોડાઉન પર પોલીસનો દરોડો, 3 પકડાયા

**1694** કિલો શંકાસ્પદ ઘીની સાથે સોયાબીન તેલ અને મશીનરી સહિત 18.21 લાખનો મુદ્દામાલ જપ્ત

સુરતઃ નવરાત્રી અને દિવાળીના તહેવારો લઈ ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા તત્ત્વો સામે સુરત

...અનુસંધાન પાના ૧૩ પર





## પોલીસે સ્થળ પરથી ડાલડા ઘીનાં 15 કિલોનાં 35 બોક્સ સાથે અન્ય સામાન્ય કબજે લીધો

પોલીસે સ્થળ પરથી ડાલડા ઘીનાં 1.15 લાખના 15 કિલોના 35 બોક્સ, સોયાબીન તેલનાં 97હજારના 15 કિલોના 32 ડબ્બા, 4.76લાખનું 795 કિલો છૂટક ઘી, 5.40 લાખનું સાહસ પ્રીમિયમ કાઉ ઘી 900 કિલો ઉપરાંત 6 હજારના 35 મિલીલીટરના 300

...અનુસંધાન પાના ૧૩ પર

## એક મહિનાથી ફેક્ટરીમાં નકલી ઘી બનાવી કિલોના 500 રૂ.માં વેચતા હતા

પોલીસ તપાસમાં આરોપીઓ એક મહિનાથી આ ફેક્ટરીમાં ઘી બનાવતા હોવાનું ખુલ્યું છે.અને બહારથી વેજિટેબલ ઘી અને પામોલિન ઘી

...અનુસંધાન પાના ૧૩ પર

## કોણ કોણ પકડાયા

- સજ્ઞી કલ્પેશભાઈ મોદી (ઉ.વ. 26)
- કિશન મનોજભાઈ મોદી (ઉ.વ. 26)
- કલ્પેશ સુંદરલાલ મોદી (ઉ.વ. 47)

(મૂળ ડીસા, જિ. બનાસકાંઠા, હાલ રહે. અમરોલી, લેકવ્યુ રેસિડેન્સી)


**હાર્દિક શ્રદ્ધાંજલિ**



ઉચ્ચ હોદ્દાની સરકારી નોકરી છોડીને વકીલાત કરવાનું મારી સાથે શરૂ કર્યું અને એક નામાંકિત વકીલ બન્યા એવાં હોંશિયાર, બાહોશ, કાર્યશીલ વ્યકિત જેને પરિવારનાં ચાર સભ્યોને વકીલ બનાવી ઉચ્ચ શિખરે પહોંચાડયા એવા મારા મિત્ર શ્રી રમેશ બી. સોનીને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી પાઠવીએ છીએ. એમને શ્રીજી ચરણોમાં સ્થાન મળે એવી પ્રાર્થના કરીએ છીએ.

લિ.

શ્રી દીપક આઈ. આફ્રિકાવાળા, એડવોકેટ અને નોટરી
શ્રીમતી જાગૃતિ દીપક આફ્રિકાવાળા, બી.કોમ, એલ.એલ.બી.
શ્રીમતી દર્શિની આફ્રિકાવાળા-મોદી, એમ.બી.એ. ગોલ્ડ મેડાલિસ્ટ
શ્રી નીલ અરૂણભાઈ મોદી, એમ.એસ.સી. આઈ.ટી.
શ્રી વિવેક દીપક આફ્રિકાવાળા, એલ.એલ.એમ. ગોલ્ડ મેડાલિસ્ટ એડવોકેટ
શ્રીમતી નિધી વર્મા આફ્રિકાવાળા, એલ.એલ.એમ. એડવોકેટ
ડૉ. આનંદ દીપક આફ્રિકાવાળા, એમ.બી.બી.એસ.
સમસ્ત આફ્રિકાવાળા પરિવાર

સ્વ. રમેશ બી. સોની (એડવોકેટ)
સ્વ.તા. ૦૯/૧૦/૨૦૨૬

**હાર્દિક શ્રદ્ધાંજલિ**



જીવન એવું જીવી ગયા કે સૌ જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે હૃદયમાં ગુંજ્યા કરે, દુઃખથી કદી ડર્યા નહી, ફરજ અને વ્યવહાર કદી ચૂક્યા નથી, ધર્મ કદી ભૂલ્યા નહી, સારા સંસ્કાર આપી, જીવન જીવવાની રાહ શીખવી ગયા, સુખ – દુઃખમાં સદાય હસતા રહ્યાં,
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

અ.સૌ. સ્વ. ભાનુમતીબેન તુલસીદાસ ઝવેરી
સ્વ. તા. ૦૯/૧૦/૨૦૨૬

લિ.
કાંતિલાલ છોટાલાલ ભગત | ઈન્દિરાબેન કાંતિલાલ ભગત
વલ્લભરામ રતીલાલ કાચીવાલા | સ્વ. પ્રમીલા વલ્લભરામ કાચીવાલા
સ્વ. મોતીરામ ચીમનલાલ ઝવેરી | સુમિત્રા મોતીરામ ઝવેરી

**॥ અશ્રુભીની ભાવાંજલિ ॥**



સ્વ. ડૉ. ભાનુપ્રસાદ એ. પરીખ
પુર્વ કુલપતિ (વાઈસ ચાન્સેલર)-વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત
સ્વ. તા. ૧૦-૧૦-૨૦૨૬

સુખથી કદી છલકાયા નહી, દુઃખથી કદી ડગ્યા નહી, વ્યવહાર કદી ચુકયા નહી, ધર્મ કદી ભુલ્યા નહી, પરમકૃપાળુ પરમાત્મા આપના આત્માને ચિરઃશાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

લિ.
બાકરોલા યોગેન્દ્રસિંહ ચંદ્રસિંહ તથા બાકરોલા પરિવાર
Y.H.C. ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
વેદાંત ગ્રૃપ
ડ્રીમ ફેસ્ટીવા હોટલ ગ્રૃપ
રજવાડી ગ્રૃપ
M.T.B. કોલેજ ગ્રૃપ

**દુઃખદ અવસાન / સંયુકત બેસણું**

ૐ શાંતિ ૐ શાંતિ



સ્વ. પાર્વતીબેન ઠાકોરભાઈ પટેલ

દિલગીરી સાથે જણાવવાનું કે મારા ધર્મપત્ની સ્વ. પાર્વતીબેન ઠાકોરભાઈ પટેલ નું તા. ૧૦/૧૦/૨૦૨૬ ને શનિવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે. ભગવાન તેમની આત્માને શાંતિ આપે તેવી પ્રાર્થના. સદ્દગતનું સંયુકત બેસણું : તા. ૧૪/૧૦/૨૦૨૬, બુધવારના રોજ સવારે ૧૦.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી રાખેલ છે.

લિ. ઠાકોરભાઈ ડાહ્યાભાઈ પટેલ
વિપુલ ઠાકોરભાઈ પટેલ | નેન્સી વિપુલભાઈ પટેલ
હિતેન્દ્ર (મનોજ) ઠાકોરભાઈ પટેલ | પ્રીતિ હિતેન્દ્રભાઈ પટેલ
જીગ્નેશ (મયુર) ઠાકોરભાઈ પટેલ
જીતેન્દ્રભાઈ શાંતીલાલ પટેલ
ભીખુભાઈ મગનભાઈ પટેલ | દમયંતી ભીખુભાઈ પટેલ
સ્નેહલભાઈ ભીખુભાઈ પટેલ | મિતાલી સ્નેહલ પટેલ
પરેશ રમણભાઈ પટેલ | જીગ્નીશા (સોનલ) પરેશ પટેલ
માલવ, હીર, વિવાન, ફિયોના, શૈલી, પલ, મિત્સા
તથા સમસ્ત પટેલ પરિવાર
નિવાસ સ્થાન : ૧૦૮,દરજી મોહલ્લો, દાદાની કૃપાની બાજુમાં, મગદલ્લા, સુરત.

**અવસાન, બેસણું, શ્રદ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા**

**ફિક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧**

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફિક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹૪૫૦૦/- | ₹3000/- | ₹૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**અશુભ**
**રામ કબીર**


સ્વ. ઠાકોરભાઈ ગોકળભાઈ ભક્ત
સ્વ. તા. ૦૨-૦૯-૨૦૨૬


સ્વ. શાંતીબેન ઠાકોરભાઈ ભક્ત
સ્વ. તા. ૦૯-૧૦-૨૦૨૬

દિલગીરી સહ જણાવવાનું કે અમારા ભાઈશ્રી/પિતાશ્રી ઠાકોરભાઈ ગોકળભાઈ ભક્તનું તા.૦૨-૦૯-૨૦૨૬ને બુધવારના રોજ ગૌરેગાંવ/મુંબઈ મુકામે હરિચરણ થયા હતા. અમારા ભાભીશ્રી/માતૃશ્રી શાંતીબેન ઠાકોરભાઈ ભક્તનું તા. ૦૯-૧૦-૨૦૨૬ને શુક્રવારના રોજ ગૌરેગાંવ/મુંબઈ મુકામે હરિચરણ થયા છે તે જાણશોજી.
સદગતના આત્માઓની શાંતી અર્થે સંયુક્ત કિર્તનમિતિ તા.૧૫-૧૦-૨૦૨૬ ને ગુરુવારના રોજ સવારે ૯.૦૦ કલાકે આસુંદર ધામણ પાટીયા મુકામે ઓમ શાંતી પેલેસમાં રાખવામાં આવેલ છે.
તાઃ ક = કિર્તનમિતિના દિવસે જ આવવા વિનંતી

શ્વસુર પક્ષ/પિયર પક્ષ
સ્વ. લખુભાઈ ગોપાળભાઈ ભક્ત U.S.A.
હિરાલાલ ગોપાળભાઈ ભક્ત U.S.A.
રાજુભાઈ ગોપાળભાઈ ભક્ત U.S.A.
મુ.પોઃ- વાવ તા- કામરેજ,
જી. સુરત

લિ.
રમણભાઈ નરસિંહભાઈ ભક્ત U.S.A.
મનહરભાઈ ગોકળભાઈ ભક્ત આસુંદર
જાગૃતિબેન પ્રજેશભાઈ ભક્ત (પુત્રી) U.S.A.
નિતાબેન રાકેશભાઈ ભક્ત (પુત્રી) U.S.A.
ધારીત્રીબેન વિરેન્દ્રભાઈ ભક્ત (પુત્રી) U.S.A
સ્વ.મિતુલબેન અલ્પેશભાઈ શાહ (પુત્રી) મુંબઈ
ના રામકબીર
મું.પો.:- આસુંદર, તા.જી. નવસારી

**॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥**


સ્વ. પાર્વતીબેન ઠાકોરભાઈ પટેલ
સ્વ.૧૦/૧૦/૨૦૨૬

આંખો હજી નિહારે છે આપને, અંતર હજી પોકારે છે આપને, તમારું સ્મરણ થાય છે ત્યારે મન મુકીને રડાવે છે. કલ્પી ન શકાય તેવી તમારી વસમી વિદાય અમારું કાળજું કંપાવી ગઈ. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એવી સર્વોની પ્રાર્થના.

લિ.
કાંતિલાલ રતિલાલ અનિલ
નેહલ કાંતિલાલ અનિલ
નિકીતા નેહલ અનિલ
જયકિશન નેહલ અનિલ
કાંતિલાલ રતિલાલ અનિલ પરિવાર

**॥ ભાવભીની શ્રદ્ધાંજલિ ॥**


સ્વ. પાર્વતીબેન ઠાકોરભાઈ પટેલ
સ્વ.૧૦/૧૦/૨૦૨૬

તમોએ સર્વને પ્રેમ અને વાત્સલ્ય આપ્યા, ધર્મ સંસ્કાર આપ્યા, વડલાની જેમ છાંયા આપી, દુઃખ અને સુખ બન્નેમાં સાચવ્યા. પ્રભુ આપને શાશ્વત શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના.

લિ.
જીતેન્દ્ર ચંદ્રવદન બારોટ
સ્વ. નિતાબેન જીતેન્દ્ર બારોટ
ચારૂલ જીતેન્દ્ર બારોટ
અમી ચારૂલ બારોટ
દ્રોણ – ધનુષ